# Std 11 Gujarati Textbook Solutions Chapter 18 અણદો

## સ્વાધ્યાય

### 1. નીચેના દરેક પ્રશ્નનો એક-એક વાક્યમાં ઉત્તર લખો :

**પ્રશ્ન 1. અણદા પાસે શો કસબ હતો?**

ઉત્તરઃ

અણદા પાસે મોરલી સરસ વગાડવાનો કસબ હતો.

**પ્રશ્ન 2. અણદો પોતાનું વાદ્ય ચબૂતરામાં શા માટે મૂકી દેતો?**

ઉત્તર :

છોકરા પોતાનું વાદ્ય તોડી નાખે અને મોટા માણસો પરાણે વગાડવાનું કહે તે ભયથી અણદો પોતાનું વાદ્ય ચબૂતરામાં મૂકી દેતો.

**પ્રશ્ન 3. લેખકે કલ્પેલું અણદાનું માનસિક ચિત્ર કેવું હતું?**

ઉત્તર :

લેખકે કલ્પેલું અણદાનું માનસિક ચિત્ર સૂગ ચડી જાય તેવું હતું.

### 2. નીચેના દરેક પ્રશ્નનો બે-ત્રણ વાક્યમાં ઉત્તર લખો :

**પ્રશ્ન 1. અણદાના વાસ્તવિક દેખાવનું વર્ણન કરો.**

ઉત્તરઃ

અણદો જાતે સ્વચ્છ હતો. એનાં કપડાં ફાટેલા – તૂટેલાં પણ સ્વચ્છ હતાં. એની હજામત વધેલી હતી પણ એમાં ધૂળ નહોતી. એના શરીર પર મેલના થર નહોતા.

**પ્રશ્ન 2. અણદા વિશેની લેખકની જિજ્ઞાસા શાથી વધી ગઈ?**

ઉત્તરઃ

ગામના છોકરાઓએ લેખકને કહ્યું કે અણદો ગામની સફાઈ કરે છે, બજારની શેરીઓ વાળે છે, ભૂખ લાગે તો ભીખ માગે છે, મોરલી સરસ વગાડે છે. આથી અણદા વિશેની લેખકની જિજ્ઞાસા વધી ગઈ.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

**પ્રશ્ન 3. અણદો દાનેશ્વરી હતો તેમ શાથી કહી શકાય?**

ઉત્તરઃ

અણદાને કોઈ કપડાં આપતું તો એ વેચી નાખતો નહિ પરંતુ જરૂરિયાતવાળાઓને આપી દેતો. તેની પાસે તે કપડાં જોવા મળતાં નહિ. આથી કહી શકાય કે અણદો દાનેશ્વરી હતો.

**પ્રશ્ન 4. લેખકે અણદા પાસે કયું વચન માગ્યું હતું? શા માટે?**

ઉત્તરઃ

અણદો ભીખ માગતો હતો. તેનું શરીર મહેનત કરી શકે એવું હતું. વળી મોરલી વગાડવાનો એનો કસબ હતો. આથી લેખકે અણદા પાસે “કદી ભીખ નહિ માગવાનું વચન માગ્યું.

**પ્રશ્ન 5. અણદાએ લેખકને આપેલું વચન શી રીતે પાળ્યું?**

ઉત્તરઃ

“કદી ભીખ નહિ માગવાનું લેખકને વચન આપ્યા પછી અણદો મજૂરી કરતો. સમય મળે સફાઈનું કામ કરતો. મજૂરીના વધેલા પૈસામાંથી સીંગ – ચણા – મમરા લઈને સાધુ – ભિખારીઓને વહેંચી દેતો. આ રીતે અણદાએ લેખકને આપેલું વચન પાળ્યું.

## 3. નીચેના પ્રશ્નોના સવિસ્તર ઉત્તર લખો :

**પ્રશ્ન 1. અણદો લેખક માટે કોયડા સમાન હતો તેમ શાથી કહી શકાય?**

ઉત્તરઃ

અણદાને લેખકે કલ્પેલો એવો એનો દીદાર નહોતો. એનાં કપડાં ફાટેલા – તૂટેલાં પણ સ્વચ્છ હતાં. હજામત વધેલી હતી પણ એમાં ધૂળ નહોતી. શરીર પર મેલના થર નહોતા. એ મોરલી સરસ વગાડતો હતો.

પણ ગામલોકોને મન એ ગાંડો હતો. કુટુંબીઓએ એને ગાંડો ગણીને કાઢી મૂક્યો હતો. છોકરાઓ એની પાછળ ધૂળ ઉડાડતા, કાંકરા મારતા, બૂમો પાડતા, ગાળો દેતા પણ અણદો કદી ચિડાતો નહિ. એ જે ગામમાં જતો એ ગામની સફાઈ દિલપૂર્વક કરતો, પણ બદલામાં કશું માગતો નહિ, રોટલા ભિખારીઓને વહેંચી દેતો.

આમ, અણદો ગાંડો પણ નહોતો. આથી અણદો લેખક માટે કોયડા સમાન હતો.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

**પ્રશ્ન 2. અણદાનું પાત્રાલેખન તમારા શબ્દોમાં કરો અથવા અણદાની વિવિધ વિશેષતાઓ જણાવો.**

ઉત્તરઃ

અણદાના નામથી તે ગંદોગોબરો હશે તેવી કલ્પના થાય, પરંતુ તે એવો નથી. તે સ્વચ્છતાનો આગ્રહી છે. તેનાં કપડાં ફાટેલા – તૂટેલ પણ સ્વચ્છ છે. તેના વાળમાં ધૂળ નથી. તેનું શરીર પણ સ્વચ્છ છે.

ગામલોકોને મન એ ગાંડો હતો. કુટુંબીઓએ એને ગાંડો ગણી કાઢી મૂક્યો હતો. છોકરાઓ એની પાછળ ધૂળ ઉડાડતા, કાંકરા મારતા, બૂમો પાડતા, ગાળો દેતા પણ અણદો કદી ચિડાતો નહિ. એ જે ગામમાં જતો એ ગામની સફાઈ દિલપૂર્વક કરતો, પણ બદલામાં કશું માગતો નહિ.

અણદાને ભૂખ લાગતી ત્યારે ભીખ માગતો. વધારાના રોટલા ભિખારીઓને વહેંચી દેતો. કપડાં મળે તે પણ જરૂરિયાતવાળાને આપી દેતો. આથી જ તલાટી ગોપાલદાસે કહ્યું: “એ દાનેશ્વરી કર્ણનો અવતાર છે.’

અણદો મોરલી સરસ વગાડતો.

લેખકે અણદાને ભીખ નહિ માગવાનું વચન આપવા કહ્યું. અણદાએ લેખકને વચન આપ્યું. ત્યારપછી અણદો મજૂરી કરતો. મજૂરી કરતાં સમય મળે તો સફાઈનું કામ કરતો. મોરલીના સૂરમાં આત્માનંદ મેળવતો.

આમ, અણદો સફાઈ અને સેવાકાર્યની પ્રેરણા આપતું રેખાચિત્ર છે.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in